હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૧૯, વર્ષ : ૩૧

અંક : ૧૭ સપ્ટેમ્બર–૦૧, ૨૦૧૮

# ઉદીચ્ય

HNGU

HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈન મંડળ, મુંબઈ

અગ્નિની બે શક્તિઓ માનેલી છે. એક ''સ્વાહા'' અને બીજી ''સ્વધા''. આ બે શક્તિઓ જ્યાં હોય ત્યાં અગ્નિ છે. સ્વાહા એટલે આત્માહુતિ આપવાની, આત્મત્યાગની શક્તિ અને સ્વધા એટલે આત્મધારણની શક્તિ. બંને શક્તિઓ જાગ્રત હોય તો જ તે રાષ્ટ્રીય શિક્ષણ કહી શકાય. બાકીનું બધું ઠંડુ હીમ જેવું–ફક્ત લુખુ શિક્ષણ. આજની વિચિત્ર શિક્ષણપદ્ધતિને કારણે જીવનના બે ભાગલા પડી જાય છે. આયખાનાં પહેલા પંદર–વીસ વર્ષ માણસે જીવવાની ભાંજગડમાં ન પડતાં કેવળ ભણભણ કરવાનું અને તે પછી શિક્ષણ સંકેલીને કોરે મૂકી દઈ મરતાં સુધી જીવ્યે જવાનું. અમુક વર્ષના છેક છેલ્લા દિવસ સુધી જીવન વિષે સાવ બેજવાબદાર રહેવું જોઈએ અને તે પછીના વર્ષની સવાર ઊગી કે લાગલું જ સઘળી જવાબદારીનો બોજો ઢસડવા તૈયાર થઈ જવાનું. હવે જો આવો હનુમાન–કૂદકો મારવામાં હાથ–ટાંટિયા ભાંગે તો એમાં શી નવાઈ?

– વિનોબા ભાવે, બુદ્ધિપ્રકાશ : જૂન : ૧૯૭૩. ''શિક્ષણ પદ્ધતિમાં હનુમાન કૂદકો''

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

દેશની સ્વતંત્રતા સમયે ૨૭ યુનિવર્સિટીઓ અને ૫૭૮ કૉલેજોથી ચાલતી ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થામાં આજે ૯૦૩ યુનિવર્સિટીઓ અને ૩૯૦૫૦ કૉલેજો સુધી ઉચ્ચ શિક્ષણની સુવિધાનો વ્યાપ થયો છે. આપણે (Access) સુલભતા અંગેનો એક માપદંડ હાંસલ કર્યો ગણાય. પરંતુ દેશની જનસંખ્યામાં ઉચ્ચ શિક્ષણ મેળવવા હકદાર એવા ૧૮ થી ૨૩ વર્ષની જનસંખ્યાના આંકડાના આધારે બનતો ગ્રોસ એનરોલમેન્ટ દર જોઈએ તો તે હજી ૨૫.૮ ટકા જ છે. એટલે કે હજી આપણે ઘણી મંજિલ કાપવાની બાકી છે. ઉચ્ચ શિક્ષણ માટેનો બીજો અગત્યનો માપદંડ કેટલા વિદ્યાર્થીઓને આપણે નોકરી/સ્વરોજગાર માટે સક્ષમ બનાવીએ છીએ તે છે. એક સર્વે મુજબ માત્ર ૧૦ થી ૧૫ ટકા ગ્રેજ્યુએટ જ નોકરી મેળવવા માટે સક્ષમ હોય છે. આ સંદર્ભે હવે ગુણવત્તા અંગેની બાબતો પર વ્યૂહાત્મક આયોજન કરવું જરૂરી લાગે છે.

શા માટે આજના ગ્રેજ્યુએટસ, નોકરી/સ્વરોજગારી માટે સક્ષમ નથી તેના મૂળ તરફ ચિંતન કરીએ. આપણે માત્ર મૅકોલેને જ દોષ આપી, આપણી ભૂમિકામાંથી હાથ ઊંચા કરીએ તે હવે દેશ આઝાદ થયાના સિત્તેર વર્ષ સુધી તે જ રટણ ત્યજવું રહ્યું. આપણી ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા લગભગ સાઈઠથી સિત્તેરના દાયકામાં સંસ્થાગત થઈ. સમગ્ર વિશ્વ ઔદ્યોગિક ક્રાંતિના બીજા તબક્કામાં (ઈલેકટ્રીસીટીથી માસ પ્રોડકશન અને ઈલેકટ્રોનિક્સની શરૂઆતનો ગાળો) હતું. આ સમયે આપણે ઉચ્ચ શિક્ષણ માટે STEM Model (Science, Technology, Engineering and Management / Medicine) અપનાવ્યું. દેશને જરૂરી ચીજ વસ્તુઓનું ઘરઆંગણે ઉત્પાદન થાય તેવા ઉદ્યોગો તથા ઉદ્યોગોને જરૂરી સેવાઓ મળી રહે તેવા યુવાનો તૈયાર કરવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રને મળી. તે જરૂરિયાત અનુસાર ઉચ્ચ શિક્ષણમાં આ વિદ્યાઓને પ્રાધાન્ય મળ્યું અને ધીમે ધીમે લીબરલ સાયન્સની ભૂમિકા પાછળ ધકેલાતી રહી.

આજે એવુ કહેવાય છે કે જે વ્યક્તિ ઝડપથી જુનુ ભૂલી, નવુ શીખે નહીં તે અભણ ગણાય. એટલે કે Delearn and Relearn નવો મંત્ર છે. ઉભરતા (Disruptive Factors) વિધ્વંસકારી પરિબળોને સ્વીકારી, ઉચ્ચ શિક્ષણની એપેક્ષ સંસ્થા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન દ્વારા Quality Mandate બહાર પાડવામાં આવ્યો છે. આ માટેના ચિંતનમાં કેટલાક મુખ્ય મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી છે.

* **Padagogical Reforms from Teaching to Learning.** ભણવાની જવાબદારી વિદ્યાર્થીની છે. તંત્રએ આ માટે જરૂરી લેબોરેટરીઝ, લાઈબ્રેરીઝ, અધ્યાપકો વગેરેની વ્યવસ્થા પૂરી પાડવી.
* **Entrepreneurship Development - Job Seeking to Job Giving.** વિદ્યાર્થીને માત્ર નોકરી મેળવવા માટે સક્ષમ બનાવવાને બદલે ઉદ્યોગ સાહસિક્તાના ગુણો વિકસાવવા તૈયાર કરવો.
* **Purposeful Research :** Research not for Degree but for Resurgence. પીએચ.ડી. અભ્યાસક્રમોમાં સંશોધનો માત્ર શૈક્ષણિક કસરતને બદલે પુનરુત્થાન માટે ઉપયોગી બને.
* **Creating Synergy through Resource Pooling.** બધી જ સંસ્થાઓ સંશાધનોમાં વર્લ્ડ ક્લાસ ન બની શકે તે વાસ્તવિકતા સ્વીકારી, સંશોધનના કેન્દ્રો વિકસાવી સહભાગિતાથી સંશોધન કરવું.
* **Your Campus to My Campus Ambience.** તમામ સહભાગીદારોની દષ્ટિમાં તેઓ અલગ છે અને યુનિવર્સિટી/કૉલેજ અલગ છે તે ભેદ દૂર કરી સહુના કેમ્પસની વિશાળ ભાવના કેળવી, સુંદર પર્યાવરણ બનાવવું.
* **Participatory Facilitative Good Governance :** સહભાગીદારતાથી સુશાશનનો ખ્યાલ વિકસે અને સંસ્થાગત થાય તે માટે પબ્લીક–પ્રાઈવેટ ભાગીદારી થકી મહત્તમ માળખાકીય તથા શૈક્ષણિક પર્યાવરણ બનાવી, રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવી.
* **Ruthless Mechanism to Ethical Professionalism.** ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરનાર યુવાન જવાબદાર નાગરિક બને. તથા લાઈફ–લોન્ગ લર્નરની ભૂમિકા બાંધવાનું પ્રથમ ચરણ બને તે રીતે તૈયાર કરવા. જેને ૩૬૦ ડીગ્રી એજ્યુકેશન એવુ કહેવાય છે.

**યુ.જી.સી. દ્વારા Quality Mandate ના કેટલાક લક્ષાંકો નક્કી કરવામાં આવ્યા છે, જે તરફ નજર કરીએ તો :**

* કોઈપણ સમયે શિક્ષકોની ઘટ ૧૦% થી વધવી જોઈએ નહીં.

* વર્ષ–૨૦૨૨ સુધીમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓએ નેક એક્રિડિટેશન ફરજીયાત મેળવવું તેમજ ઓછામાં ઓછો સ્કોર ૨.૫ મેળવવો.
* લાઇફ લોન્ગ લર્નિંગ માટે સોફ્ટ સ્કીલ્સ થકી વ્યક્તિત્વ વિકાસ માટે જરૂરી ટીમ વર્કના ગુણો, ટાઇમ મેનેજમેન્ટ, પ્રશ્ન નિરાકરણ, ઇમોશનલ ઇન્ટેલિજન્સ, કોમ્યુનિકેશન સ્કીલ્સ, પ્રેઝન્ટેશનસ સ્કીલ્સને પ્રાધાન્ય આપવું.
* અભ્યાસક્રમોનું માળખું Learning Outcome Based Curriculum Framework આધારિત બનાવવું તેથી અભ્યાસક્રમ, અધ્યયનની પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકન ત્રણે બાબતો સાંકળી, વિદ્યાર્થીને કઇ બાબતોમાં નિપુણતા મળશે તેના લક્ષાંકો પ્રથમથી જ નક્કી હોય અને તે મુજબ જ આખી પદ્ધતિ કાર્યન્વિત કરવી. યુ.જી.સી. દ્વારા બી.કોમ.ના કોમર્સ વિદ્યાશાખાના માળખાની રચના કરવાની જવાબદારી આપણી યુનિવર્સિટીને સોંપી છે જે ઉલ્લેખનીય છે.
* 'ઉન્નત ભારત અભિયાન' દ્વારા સંસ્થાની સામાજિક જવાબદારીઓ જેવી કે 'સ્વચ્છ ભારત' વગેરેના કાર્યક્રમોની રૂપરેખાઓ તૈયાર થઇ રહી છે.
* ઉચ્ચશિક્ષણમાં ICTનો મહત્તમ ઉપયોગ થાય તે માટે E-PG Pathshala તથા SWAYAM પ્લેટફોર્મ કાર્યાન્વિત છે. National Digital Library (NDL) વિગેરેના માધ્યમથી E-Learningનો મહત્તમ ઉપયોગ કરવા માટે વિશિષ્ટ અભિયાન હાથ ધરાયું છે. યુજીસી દ્વારા દર વર્ષે ઓછામાં ઓછા 100 MOOCs તૈયાર કરવા આયોજન હાથ ધર્યું છે.
* ગુણવત્તાયુક્ત સંશોધન માટે Online Research Proposalની વ્યવસ્થા ગોઠવાશે તથા આવી દરખાસ્તોની ગ્રાન્ટ ફાળવણી ટેક્નોલોજિ આધારિત મૂલ્યાંકનને ધોરણે થશે. ઇન્ક્યુબેશન સેન્ટરો તથા રીસર્ચ પાર્ક વર્ષ ૨૦૨૦ સુધીમાં સ્થાપવામાં આવશે.
* સંસ્થાઓની ગુણવત્તા સુધારવા તે માટે નેકનો સ્કોર ૩.૨૬ થી વધે તે માટે યુજીસી દ્વારા માર્ગદર્શન તથા સહાયનું માળખું ઘડાશે.
* ઓટોનોમસ સંસ્થાઓ, ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઝ તથા ઓપન અને ડીસટન્સ એજ્યુકેશનની સંસ્થાઓમાં ગુણવત્તાની જાળવણી માટે યુ.જી.સી. દ્વારા નવા રેગ્યુલેશન અમલમાં મૂકવામાં આવ્યા છે.

આવા અનેક સુધારાઓની પહેલ શરૂ થઇ છે. એમ કહી શકાય કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઉભરતા Disruptive Factorsને ધ્યાને લઇ Paradigm Shifts માટે Proactive Stepsના સંદર્ભે કામ શરૂ થયું છે તેમ કહેવાય.

પાંચમી સપ્ટેમ્બરના રોજ આપણા વિદ્વાન રાષ્ટ્રપ્રમુખ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મતિથી નિમિત્તે 'શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવે છે. આપણી સંસ્કૃતિમાં "ગુરુ"નો મહિમા છે. સંસ્કૃત સાહિત્યમાં વપરાતા વિવિધ કક્ષા પ્રમાણે 'શિક્ષક'થી લઇ 'ગુરુ' સુધીના શબ્દો અંગે જોઇએ તો :

* શિક્ષક: માત્ર પાઠ્યક્રમમાં આવરી લેવાયેલી બાબતોનો વિદ્યાર્થીઓને પરિચય કરાવવાની ભૂમિકા ભજવનારને શિક્ષક કહે છે. આ માટે અંગ્રેજીમાં 'ટ્યુટર' શબ્દ પ્રયોજવામાં આવે છે.
* अध्यापक: અધ્યાપક એ શિક્ષક કરતાં ઉપરની કક્ષા છે. અધ્યાપક પોતે અધ્યયન કરે છે. વર્ગખંડમાં ભણાવતા પહેલાં વિષયનું ચિંતન કરે છે. આથી શિક્ષક કરતાં અધ્યાપક વધુ સજ્જતા ધરાવે છે.
* प्राध्यापक: આ કક્ષા શિક્ષક અને અધ્યાપક કરતાં ઊંચી છે જેમાં પ્રાધ્યાપકને વિષણ નિષ્ણાત અથવા 'ઉસ્તાદ' સંગીતની ભાષામાં કહી શકાય. વર્ગખંડમાં જતાં પહેલાં પોતે વિષયનું અધ્યયન/રીયાઝ કરે છે. સજ્જતા કેળવવા માટે 'આજીવન અભ્યાસુ' ના ગુણો આત્મસાત કરવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. સતત વાંચન, મનન અને શિક્ષણ સજ્જતા ધરાવે છે.
* उपाध्याय: ઉપાધ્યાયની ક્રમશઃ ચોથી કક્ષા છે. ઉપાધ્યાયએ સંસ્કાર સંપન્ન, પ્રબુદ્ધ વ્યક્તિ છે. વિદ્યાર્થીને બોધ આપી શકે તેવુ જ્ઞાન ધરાવે છે. વિદ્યાર્થીને વિષયમાં રસ પડે અને વિષય ગમે તેટલો કઠીન હોય તો પણ સરળ રીતે રજૂ કરવાની વિશિષ્ટ કળા તથા જ્ઞાન ધરાવે છે.
* महामहोपाध्याय: ઉપરોક્ત ચાર કક્ષાઓમાં વર્ણવેલા ગુણો ઉપરાંત આવી વ્યક્તિ વિદ્યાર્થી આજીવન અભ્યાસુ બની રહે તેવા ગુણો વિકસાવવા માટે સમર્થ હોય છે. જેને માટે 'Veteran' જેવો શબ્દ પ્રયોજી શકાય.
* देशिकोत्तम्: પહેલી પાંચ કક્ષાઓમાં વ્યક્તિનું જ્ઞાન મહદ્અંશે જે તે વિષયના 'સંદર્ભે' પ્રયોજાયું છે. દેશિકોત્તમ એવી વ્યક્તિ છે જે જ્ઞાન ઉપાસનામાં 'રોલ મોડેલ' ગણી શકાય. આવા શિક્ષકનું જ્ઞાન અનેક વિષયોનું હોય છે. આવા શિક્ષક થકી વિદ્યાર્થીઓમાં મૂલ્યો ચરિતાર્થ થાય છે. આવા આદર્શ શિક્ષક, સુસંસ્કૃત અને મૂલ્યનિષ્ઠ હોય છે.
* आचार्य: આચાર્ય એવો શિક્ષક છે જે શીખવે છે તે જીવનમાં આચરણ કરે છે. અહીંયાં આચાર્યની ભૂમિકા વિષયવસ્તુથી ઉપર ઉઠી જીવનપથદર્શક બનવાની છે. આચાર્યે તમામ શાસ્ત્રોનો/વિષયોનો અભ્યાસ કરી આચરણમાં મૂક્યા છે તથા તેના શિષ્યોમાં આવું જ્ઞાન અને આચરણ ઉતારવા પ્રયત્ન કરે છે. ગુરૂપદ કરતાં આચાર્યનું સ્થાન સહેજ નીચું છે. આચાર્ય એ છે :

  आचिनोति च शास्त्रार्थ आचारे स्थापयत्यति।
  स्वयमायरते यस्तु स आचार्यइति स्मृतः ॥

  આચાર્યની ભૂમિકા અંગે કહી શકાય તે જે બોલે છે તેમ વર્તે છે. Walk the Talk.
* गुरु : શિક્ષક પદનું શિખર એટલે ગુરુનું સ્થાન. વિદ્યાર્થીને તમસ્ અને રજસ્ રૂપી અંધકારમાંથી બહાર લાવી પ્રકાશમય બનાવનાર પારસમણિ. 'ગુરુ' શબ્દ સંસ્કૃત ધાતુ 'ગૃ' પરથી બન્યો છે. 'ગૃ' એટલે જાહેર કરવું. પ્રકાશિત કરવું. પ્રગટ કરવું. વ્યક્ત કરવું, ઉચ્ચારણ કરવું એમ થાય છે. 'રુ'નો અર્થ અંધકાર દૂર કરવો એવો થાય છે. અવિદ્યારૂપી અંધકારને દૂર કરનારો ગુરુ કહેવાય. અંધકાર દૂર કરવા માટે ગુરુ બે પ્રકારની વિદ્યા આપે છે. એક વિદ્યા જે થકી શિષ્યને ભૌતિક ચીજો જે શાંતિમય રીતે જીવન જીવવા જરૂરી છે તે મળી રહે. આજના સંદર્ભમાં એવું કૌશલ્ય કેળવે જેથી નોકરી, ધંધા માટે જરૂરી ડીગ્રી મેળવવી. આવી વિદ્યાને પ્રેયસવિદ્યા કહેવામાં આવે છે.

વિદ્યાનો બીજો પ્રકાર શ્રેયસ વિદ્યા છે. આવી વિદ્યામાં નિપુણતા હાંસલ કરવા માટે સદ્ગુરુનું સાનિધ્ય આવશ્યક ગણાય છે. શ્રેયસ વિદ્યા થકી આત્મ સ્વરૂપની ઓળખ થાય છે. આવી વિદ્યા આત્માનુંભૂતિ કરાવે છે.

'શિક્ષક દિન'ની ઉજવણી માટેની મૂળ ભાવના છે કે શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલ શિક્ષકો પોતાની યાત્રા શિક્ષકથી શરૂ કરી અધ્યાપક, પ્રાધ્યાપક, ઉપાધ્યાય, મહામહોપાધ્યાય, દેશિકોત્તમના પદ પર બિરાજી, આગળ વધી આચાર્ય પદને પામે અને અંતે સાચા અર્થમાં 'ગુરુપદ' હાંસલ કરે તેવી શુભભાવનામાં છે.

અંતે, 'યોગવાસિષ્ઠ'માં સદ્ગુરુના સ્વરૂપ અંગે અંગૂલીનિર્દેશ :

ब्रहानंदं परमसुखदं केवलं ज्ञानमूर्ति
द्वंद्वातीतं गगनसदशं तत्त्वमस्यादि लक्ष्यम्।
एकं नित्यं विमलमचलम् सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि॥

તા. ૦૧-૦૯-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## ગ્રંથાલય










## રમતગમત











## ગ્રંથાલય

સન્માનીય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની અધ્યક્ષતામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના શ્રી શિવાભાઇ ઉમેદભાઇ પટેલ ગ્રંથાલય દ્વારા તા. ૨૮–૦૮–૨૦૧૮ના રોજ J-gate E Resources & Dspace Implementation Programનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં E–Journals introduction and How to use J–gate વિષય ઉપર Infromatics Bangaloreના શ્રી કેયુર ભટ્ટ અને રાહુલ પટેલ દ્વારા વ્યાખ્યાન અને તાલીમ આપવામાં આવી હતી. J–gate અન્વયે 49902 E–Journals ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે. જેમાં Science, Management, Social Sciences એમ વિવિધ ફેકલ્ટીઓના પાંચ કરોડથી પણ વધારે Articales સમાવિષ્ટ છે. D space Workflow વિષય ઉપર PDPU ગાંધીનગરના શ્રી ભરતભાઇ ચૌધરી દ્વારા University Repository અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, માન. કુલપતિશ્રીના પ્રયાસોથી યુનિવર્સિટી ગ્રંથાલયોમાં સૌપ્રથમ વખતે E–Sources વસાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે માનનીય કુલપતિશ્રીએ આજના સમયમાં Print Collectionની સાથે E–Resourcesની ઉપયોગીતા ઉપર ભાર મુક્યો હતો. તેઓશ્રીએ તાલીમમાં ભાગ પણ લીધો હતો અને APA, MLA, Chicago, Harvard વગેરે સંશોધનલક્ષી Style અંગે પોતાના અભિપ્રાયો પણ વ્યક્ત કર્યા હતા. વધુમાં અધ્યાપકો–વિદ્યાર્થીઓ તેનો મહત્તમ ઉપયોગ કરે તેવી અપેક્ષા પણ રાખી હતી. કાર્યક્મમના સંયોજક યુનિવર્સિટી લાઇબ્રેરિયન ડૉ. કનકબાળા જાનીએ D space અને E–Journalsનું મહત્ત્વ જણાવવા ઉપરાંત Inflibnet દ્વારા પ્રાપ્ત E–Journalsને ૧૦,૦૦૦થી વધુ Download કરવામાં આવે તો આપણે First Phaseમાં સ્થાન મેળવી શકીએ તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, ગ્રંથપાલો અને વિદ્યાર્થીઓએ તાલીમનો લાભ લીધો હતો.

## રમતગમત

કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્સિટી પાટણ ઇન્ટર કોલેજ ખો–ખો ભાઇઓ અને બહેનો સ્પર્ધા ડિપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના યજમાન પદે તા. ૨૮–૮–૨૦૧૮થી તા. 30–૮–૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. શારીરિક શિક્ષણ નિયામક, શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનના કાર્યકારી અધ્યક્ષ અને સ્પર્ધા મંત્રી તેમજ ઓરગેનાઇઝીંગ કમીટીના સભ્યો (૧) ડૉ. જી.જે. ઠક્કર (૨) ડૉ. વી.આર. ચૌધરી (૩) ડૉ. ડૉ. વી.એચ. ઉપાધ્યાય દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રીએ વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઇ તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સ્પર્ધામાં ભાઇઓમાં ૨૬ કોલેજોએ ભાગ લીધો હતો. અને બહેનોમાં ૧૬ કોલેજોએ ભાગ લીધો હતો. ખોખોમાં ભાઇઓમાં પ્રથમ ક્મે આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, કડી, બીજા ક્મે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા, ત્રીજા ક્મે આર્ટ્સ કોલેજ, વડાલી અને ચોથા ક્મે આર્ટ્સ કોલેજ, પાટણ વિજેતા થઇ હતી.

## શ્રધ્ધાંજલિ

ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી વાજપાઇને શ્રધ્ધાંજલિ સ્વરૂપે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના અંગ્રેજી વિભાગ દ્વારા તા. ૨૦–૮–૨૦૧૮ના રોજ વૃક્ષારોપણ કાર્યક્મ યોજવામાં આવ્યો હતો. શ્રી અટલ બિહારી વાજપાયી કે જેમણે ભારતીય રાજકીય ક્ષેત્રમાં અભૂતૂર્વ યોગદાન આપ્યું હતું. તેમની યાદમાં અંગ્રેજી વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્ય કરી પર્યાવરણને યોગદાન પૂરું પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. હેતલ પટેલ, ડૉ. તપસ ચક્વર્તી, શ્રી ચેતન પ્રજાપતિ અને વિભાગના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.

# કોલેજ ન્યુઝ

## આરોગ્ય

✻ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૧–૮–૨૦૧૮ના રોજ રોટરી કલબ, ઊંઝા અને શ્રી રાઇ મોતી આરોગ્ય મંદિર, ઊંઝા દ્વારા ઇમરજન્સીમાં સી.પી.આર.થી કોઇની જિંદગી બચાવો ટ્રેનિંગ કાર્યક્મ કરવામાં આવ્યો. ડૉ. જયંતિભાઇ એસ. પટેલે ઇમરજન્સીમાં સી.પી.આર.થી કોઇને કેવી રીતે મદદ કરવી તેની તથા ડૉ. સી.પી. સ્વામી આપણા શરીરની કાળજી કેવી રીતે રાખવી એની માહિતી આપી હતી.

✻ મહિલા કોલેજ, ઊંઝા અને રોટરી ઉપરાંત ઇનરવ્હીલ કલબના સંયુક્ત ઉપક્મે થેલેસેમીયા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. ૨૦૫ બહેનોએ થેલેસેમીયા ચેકઅપ કરાવ્યું. આ પ્રસંગે પ્રિ. લીલાબેન સ્વામીએ આરોગ્ય પ્રત્યે સભાનતા કેળવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત લાયન્સ કલબના તજજ્ઞ દ્વારા જનરલ નોલેજ ટેસ્ટ લેવાયો હતો. લાયન્સ કલબના પ્રમુખ હિતેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

✻ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં તા. ૭–૮–૨૦૧૮ના રોજ રોટરી કલબ ઊંઝાના સહયોગથી ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા થેલેસેમીયા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો. કુલ ૨૬૯ વિદ્યાર્થીઓએ થેલેસેમીયા ચેકઅપ કરાવ્યો હતો.

## એન.એસ.એસ.

✻ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા મુ.પો. એદલા, તા. સરસ્વતી, જિ. પાટણ મુકામે તા. ૮મી ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ ''પ્લાસ્ટીક હટાવો'' અંગે કાર્યક્મ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્લાસ્ટીકનો કચરો એકત્રી કરી તેનો નાશ કરેલ. ગ્રામજનોને પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા સમજાવેલ, 'પ્લાસ્ટીક હટાવો ઝુંબેશ' રેલીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્મમાં એદલા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતાં.

✻ શ્રી એચ.એસ. શાહ કોલેજ ઓફ કોમર્સ, મોડાસામાં તા. ૧ થી ૧૫ ઓગષ્ટ, ૨૦૧૮ દરમ્યાન કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વચ્છતા શપથ, સ્વચ્છતા અંગે વ્યાખ્યાન, કોલેજ સફાઇ, જાહેર સ્થળની સફાઇ તથા સ્વચ્છતા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં તા. ૧૮–૮–૨૦૧૮ના રોજ એન.એસ.એસ. યુનિટ

દ્વારા આયોજીત ''મશીનની ઘેલછા સામે ગાંધીની મહેચ્છા'' વિષય ઉપર જાણીતા પત્રકાર અને કટારલેખક શ્રી દિપક સોલિયાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. શ્રી સોલિયાએ વિદ્યાર્થીઓને સંયમ સાદગી અને મશીનની ઘેલછામાંથી મુક્ત વિદ્યાર્થી જીવનની પ્રેરણા આપી હતી.




❊ આર્ટ્સ કોલેજ, વડાલી એન.એસ.એસ. વિભાગના ઉપક્રમે વક્તાશ્રી સુરક્ષા અધિકારી શ્રી મુકેશભાઇ સોલંકી દ્વારા ''બાળસુરક્ષા અને બાળકોના કાનૂની અધિકારો'' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી મુકેશભાઇએ બાળકોની સુરક્ષા માટેના બાળકોના કાનુની અધિકારોથી કોલેજના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. આજના જમાનામાં અસુરક્ષિત બાળકોને કેવી રીતે બચાવવા, કેવી કલમો લાગુ પડે એની સંપૂર્ણ માહિતી આપી હતી. આ ઉપરાંત કોલેજમાં સરકારશ્રી તરફથી આયોજિત 'મિશનવિદ્યા' અંગેનાં કમજોર બાળકોને વાંચતા, લખતા કરવા માટે કૉલેજનાં બાળકો જોડાઇને પોતાના વિસ્તારના બાળકોને ભણાવે તે માટે રમેશભાઇ સાધુએ વિસ્તૃત માહિતી આપી હતી.

## ગ્રંથાલય

મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરીમાં ગ્રંથાલય વિભાગ દ્વારા આયોજીત તા. ૨–૮–૨૦૧૮ના રોજ ગ્રંથાલય અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રિ. ડૉ. કે.એલ. પટેલે વર્ષ દરમિયાન વિવિધ પુસ્તકોનું વાંચન કરી તેના બુકરિવ્યું તૈયાર કરવા તેમજ ગ્રંથાલય વિશેની અન્ય માહિતી રજૂ કરી હતી. ગ્રંથપાલ બી.એમ. ગોસ્વામીએ ગ્રંથાલયનું મહત્ત્વ તેમજ ગ્રંથાલયમાં આવતા વિવિધ સામયિકો, સંદર્ભગ્રંથો, વિશેની માહિતી પુરી પાડી હતી.

## ગુરુપૂર્ણિમા

ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં તા. ૩૧–૭–૨૦૧૮ના રોજ ગુરુપુર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. વયનિવૃત્ત થતાં સેવક શ્રી દિલીપભાઇ પટેલની વિદાય સેવાઓને બિરદાવવામાં આવી હતી.સાત્વિક વિચારો અપનાવવા, અંધશ્રધ્ધા અને વ્યસનથી દૂર રહેવા તથા 'સમાજ સેવા એ જ પ્રભુસેવા'નું સૂત્ર સાકાર કરવા સંદર્ભે પ્રવચન આપ્યું હતું.

## પુસ્તક વિમોચન

ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે. જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે તા. ૨–૮–૨૦૧૮ના રોજ ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટ (અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ) તથા વર્ષાબેન એસ. ચૌધરી (મુ. રાજોડા, જિ. પાલનપુર)ના પુસ્તકનો વિમોચન સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રા. ડૉ. અલકાબેન ક્ષત્રિય (પૂર્વ સાંસદ, મહેસાણા), શ્રી અશ્વિન કોટવાલા (ખેડબ્રહ્મા–વિજયનગર વિસ્તારના ધારાસભ્ય) ઉપસ્થિત રહ્યાં હતાં.

## પ્રવેશોત્સવ

❊ આર્ટ્સ એન્ડ પી.એન. પટેલ કોમર્સ કોલેજમાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી.

❊ એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં તા. ૭–૮–૨૦૧૮ના રોજ બી.એડ્.માં ૨૦૧૮–૨૦૨૦માં પ્રવેશનાર તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

## પ્રવૃત્તિ



ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, ઇડરમાં તા. ૭–૯–૨૦૧૮ના રોજ સાંસ્કૃતિક સમિતિ અંતર્ગત 'ફેશન શો'નું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યક્તિની સર્વાંગ પ્રતિભા માટે માત્ર સૌન્દર્ય પૂરતું નથી પણ વ્યક્તિત્વને દીપાવવા જો વ્યક્તિમાં સાદા પણ સુંદર વસ્ત્રો પસંદ કરવાની આવડત હોય. વાકકલા હોય, બુધ્ધિશક્તિ હોય તો વ્યક્તિની પ્રતિભાને ચાર ચાંદ લાગી જાય છે. આ બોધપ્રદ કાર્યક્રમમાં પરિધાનની પસંદગી ઉપરાંત આત્મવિશ્વાસ, સામાન્યજ્ઞાન પણ ચકાસવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રથમ, દ્વિતીય, તૃતીય ઇનામ ઘોષિત કરી ભાગ લેનારી બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

## મહિલા સશક્તિકરણ



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરના યજમાન પદે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ ક્રોસ, કન્ટ્રી (ભાઇઓ તથા બહેનો)ની સ્પર્ધા તા. ૧૩–૧૪/૦૮/૨૦૧૮ના રોજ યોજવામાં આવી હતી. જેમાં વડનગર આર્ટ્સ કોમર્સ કોલેજના

ભાઈઓની ટીમ ચેમ્પિયન બની હતી તથા બહેનોની ટીમ રનર્સઅપ રહી હતી.

❊ સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે મહિલા આર્ટ્સ કોલેજ, ઇડરમાં છ દિવસીય મહિલા યુવા સહકારી શિક્ષણ વર્ગ યોજવામાં આવ્યો હતો. સદર વર્ગમાં સહકારી પ્રવૃત્તિ દ્વારા રોજગારીની તકો, યુવાનોની સહકારી પ્રવૃત્તિમાં ભાગીદારી, જુદા જુદા પ્રકારની સહકારી મંડળીના ઉદ્દેશો, શિક્ષણ તાલીમનું માળખું, મહિલા સહકારી મંડળીઓ દ્વારા મહિલાઓને મળતી રોજગારી વગેરે વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વિદ્યાર્થી પરિષદ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઇડરમાં વિદ્યાર્થી પરિષદની બેઠક મળી. જેમાં પરિષદના સભ્યો, આચાર્ય તથા અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કોલેજ તથા વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## વિદાય

શ્રીમતી આર.કે.ડી. ખણુશિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર ખાતે તા. ૪–૮–૨૦૧૮ના રોજ નવનિયુક્ત પ્રોફેસર એન્ડ હેડ ડૉ. જયનાબેન કે. જોષીનો આવકાર, વયનિવૃત્તિ લેતા પ્રોફેસર એન્ડ હેડ ડૉ. સુરેશચંદ્ર આર. જોષીનો વિદાય તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## વ્યાખ્યાન

મહિલા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ઊંઝા ખાતે પ્રિ. ડૉ. લીલાબેન સ્વામીના માર્ગદર્શન હેઠળ કારકીર્દિ માર્ગદર્શન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ. ડૉ. જે.કે. પટેલ કોમર્સ કોલેજ, મહેસાણા ઉપસ્થિત રહી સામાન્ય જ્ઞાન થકી કારકીર્દી ઘડતર પર પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

## વૃક્ષારોપણ




❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરામાં તા. ૨૬ જુલાઇ, ૨૦૧૮ના રોજ એન.એસ.એસ.ના ઉપક્રમે પર્યાવરણ જાગૃતિ વ્યાખ્યાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

❊ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં તા. ૧૧–૮–૨૦૧૮ના રોજ કોલેજ કેમ્પસમાં એન.સી.સી. કેડેટ્સ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. તેમાં ૭–ગુજરાત બટાલિયન એન.સી.સી. મહેસાણાના જે.સી.ઓ. કાલુસિંગ ઉપસ્થિત રહ્યા હતા.

## શિવઉપાસના

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે તા. ૨૧–૮–૨૦૧૮ના રોજ શિવમહિમ્ન સ્તોત્રના પઠન–પાઠનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. આર.જી. રાઠોડે શિવમહિમ્ન સ્તોત્રનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

❊ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં સંસ્કૃત વિભાગ દ્વારા 'શિવમહિમા' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છાત્રાઓ દ્વારા શિવ વિષયક પૌરાણિક પ્રસંગો, કથાઓ, ભજનો, ચિત્રો રજુ કરવામાં આવ્યા હતાં. ડૉ. હિનાબેન પટેલ, ડૉ. વંદનાબેન ઠક્કર, આચાર્ય શ્રી મહેન્દ્રભાઇ બાવરિયાએ શિવઉપાસના અંગે મનનીય વ્યાખ્યાનો આપ્યા હતાં.

## સાહિત્ય ગોષ્ઠિ

❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરીમાં કવિશ્રી ઉમાશંકર જોશી જન્મ જયંતીની ઉજવણી પ્રિ. ડૉ. કે.એલ. પટેલના અધ્યક્ષ પદે કરવામાં આવી હતી.

❊ ઇડર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ૩૧મી જુલાઇ, ૨૦૧૮ના રોજ પ્રેમચંદ જયંતી નિમિત્તે એક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેમાં વક્તા એચ.કે. આર્ટ્સ કોલેજના નિવૃત્ત ઉપાચાર્ય શ્રી ડૉ. ઓમપ્રકાશ ગુપ્તાએ પ્રેમચંદના સાહિત્ય સંદર્ભે પ્રકાશ પાડ્યો હતો.

❊ જી.ડી. મોદી વિદ્યાસંકુલ, પાલનપુરમાં સરળ સંસ્કૃત બોલતા શીખવા માટે પ્રમાણપત્રીય કોર્સનું કેન્દ્ર શરૂ થયું છે. કોઇપણ વ્યક્તિ તેમાં જોડાઇ શકે છે. સવાર સાંજ અલગ બેચની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. જેના માર્ગદર્શનની સુવિધા ૦૮૪૪૨૦૬૮૭૬૦થી ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે.



❊ બામણા કોલેજમાં ગુજરાત રાજ્ય, સંગીત નાટક અકાદમી ગાંધીનગર, સાગર અકાદમી, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી ૨૧મી જુલાઇના રોજ કરવામાં આવી હતી. આ પ્રસંગે કવિ સંમેલન, સાહિત્ય ગોષ્ઠિ, કવિની સ્વરચિત રચનાઓ, ગીતોનો સ્વરાંકન કરેલો સંગીતમય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કવિ મુસાફિર પાલનપુરી, કવિ કૃષ્ણ દવે, સાહિત્કાર પ્રાગજીભાઇ, ડૉ. ઉત્પલ પટેલ, ડૉ. યશોધર રાવલ, પ્રા. વર્ષા પ્રજાપતિ, ડૉ. મનીષા દવે, કેળવણીકાર લાભુભાઇ પંડ્યા, આબિદ ભટ્ટ, રવિ દવે વગેરેએ પ્રસંગોચિત્ત વકતવ્યો આપ્યા હતા.

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના અધ્યાપક ડૉ. પિયુષ ચાવડાનાં 'હાથ સળગે છે હજી' ગઝલસંગ્રહનું વિમોચન તા. ૧૫–૮–૨૦૧૮ના રોજ ડાયરેક્ટર ડૉ. જે.એચ. પંચોલીના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લાયન્સ કલબ ઓફ પાટણના ઉપક્રમે યોજાયેલ શૌર્યગીત સ્પર્ધામાં પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના વિદ્યાર્થી નાયક મોહનીશ આર. એ પ્રથમ સ્થાન મેળવેલ છે.

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં તા. ૧૭–૮–૨૦૧૮ના રોજ 'તુલસીજયંતી'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. શ્રી ડૉ. એલ.એસ. પટેલ, ડૉ. એ.બી. ત્રિવેદીએ સંત તુલસીદાસના જીવન પ્રસંગને અનુરૂપ વિચારો રજૂ કરેલ. પ્રા. એ.કે. જોશીએ 'વર્તમાન મેં તુલસી કી પ્રાસંગિક્તા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

❋ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૭–૮–૨૦૧૮ના રોજ શ્રી અવિનાશ વ્યાસના ગીતોના ગાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થિનીઓ દ્વારા ગીતોનું ગાન કર્યું હતું. પ્રા. ડૉ. પ્રકાશભાઇ પંડ્યાએ સર્જકની બહુમુખી પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. આ ઉપરાંત તા. ૧૦–૮–૨૦૧૮ના રોજ મહેંદી, કેશગૂંથન તથા વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે જુલી પટેલ, દ્વિતીય ક્રમે મોનીકા રાજપૂત તથા તૃતીય ક્રમે રોશની સિંધી તથા પુજા અમીન, વાનગી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ફીઝા સૈયદ, દ્વિતીય ક્રમે મીસ્બાહ સૈયદ તથા તૃતીય ક્રમે અંજનાબા રાઠોડ તથા ખુશી પટેલ, કેશગૂંથન સ્પર્ધામાં પ્રથમ ક્રમે સરોજ ઠાકોર, દ્વિતીય ક્રમે જુલી પટેલ તથા નિરાલી પટેલ તથા તૃતીય ક્રમે રોશની સિંધી તથા અંજુ રાવલ વિજેતા થયા હતા.

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ દ્વારા તા. ૧૩–૮–૨૦૧૮ના રોજ દેશભક્તિ/શૌર્યગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ ડૉ. એલ.એસ. પટેલે વક્તવ્ય આપ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે નાયક મોહનીશ આર., દ્વિતીય ક્રમે બારોટ રીપેશ એ. અને તૃતીય ક્રમે ડાભી અજુભા ટી. રહ્યા હતાં.

❋ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજનાં માળી જયેશકુમાર છગનલાલે જિલ્લા કક્ષા કલા મહાકુંભમાં "વાંસળી વાદન"માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

❋ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૯–૮–૨૦૧૮ના રોજ Women Cell અંતર્ગત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ–ભક્તિ ગીતો, લોકગીત, પ્રાર્થના, ભજન, હિન્દી ફિલ્મગીતો વગેરે રજૂ કર્યા હતાં. આ સ્પર્ધામાં પ્રથમ સ્થાને સુથાર નુપૂર ડી., દ્વિતીય સ્થાને ચાવડા ઉર્વશી આર. અને તૃતીય સ્થાને ઠાકર નિકિતા બી. વિજયી બન્યા હતાં.

❋ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૧૪–૮–૨૦૧૮ના રોજ દેશભક્તિ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પરમાર સપના પી., દ્વિતીય ક્રમે ઠાકોર લક્ષ્મી એસ. તથા તૃતીય ક્રમે રાઠોડ પુનમ એમ. વિજેતા જાહેર કરાયાં હતાં. ત્યારબાદ દેશભક્તિ ગીત તથા સેમી ક્લાસીકલ ગીત પર નૃત્ય રજૂ થયા હતા. આ ઉપરાંત તા. ૧૩–૮–૨૦૧૮ના રોજ નાટ્યધારા દ્વારા 'પ્રકૃતિ એજ પરમેશ્વર' નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં ભાવસાર રૂચિતા, ઠાકોર પાયલ અને અમીન પૂજાએ અભિનય તેમજ નાટકનું લેખન દિગ્દર્શન નાટ્યધારાના કન્વીનર પ્રા. જીજ્ઞાબેન વ્હોરા તથા સહકન્વીનર પ્રા. ડૉ. પ્રકાશચંદ્ર પંડ્યાએ સંભાળ્યું હતું.

❋ રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ગાંધીનગર દ્વારા યોજાયેલ કલા મહાકુંભ–૨૦૧૮માં શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણાની વિદ્યાર્થિની કું. મૈત્રી એમ. શાહ એ ભરતનાટ્યમ્ સ્પર્ધામાં પ્રથમક્રમ પ્રાપ્ત કરેલ છે.

## સ્ટુડન્ટ એક્સચેઈન્જ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગર તથા વી.આર. પટેલ કોમર્સ કોલેજ, મહેસાણાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦–૮–૨૦૧૮ના રોજ સ્ટુડન્ટ એક્સચેઈન્જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં અભ્યાસ લક્ષી વિવિધ કૌશલ્ય વિકસે તેવો હતો. જેમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક સાહસિક્તા વિકસે તે હેતુથી ઈન્ડસ્ટ્રીયલ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત હિન્દુસ્તાન ઈરિગેશન તથા વિશ્વાસ પાઈપ વગેરે ઈન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. તા. ૨૧–૮–૨૦૧૮ના રોજ રોજગાર વિનિમય કચેરી મહેસાણા દ્વારા વિદેશ રોજગાર માર્ગદર્શન માટેનો સેમિનાર રાખવામાં આવ્યો હતો. મોઢેરા સૂર્યમંદિરની મુલાકાત લઇ તેના શિલ્પ–સ્થાપત્યને સમજવાની કોશિશ કરી હતી.

## સ્વતંત્રતા પર્વ

❋ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં તા. ૧૩–૮–૨૦૧૮ના રોજ દેશભક્તિ/શૌર્યગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. એલ.એસ. પટેલે આઝાદીનું મહત્ત્વ અને નવી પેઢીને આઝાદી કેવી રીતે પ્રાપ્ત થઇ એ બાબતે જાણકારી આપી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે નાયક મોહનીશ આર., બીજા ક્રમે બારોટ પરીપેશ એ. તેમજ તૃતીય ક્રમે ડાભી અજુભા ટી. રહ્યા હતાં.

❋ આર્ટ્સ કોલેજ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧૪મી ઓગષ્ટને 'અખંડ ભારત દિન' તરીકે ઉજવવામાં આવ્યો હતો. વક્તા પ્રભુદાસભાઇ મોદીએ રાષ્ટ્રીય અખંડીતતાને ટકાવી રાખવા અને અખંડભારતની મહત્તાને આખા વિશ્વમાં પ્રસારિત કરવાની ભાવના વ્યક્ત કરી હતી. આ ઉપરાંત થેલેસીમીયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ થેલેસીમીયા ટેસ્ટ માટે 'ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદના તજજ્ઞો દ્વારા બ્લડ પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

## સ્વચ્છતા અભિયાન

❋ આર્ટ્સ કોલેજ, વડાલીમાં એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૧૦–૮–૨૦૧૮ના રોજ વડાલી નગરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું સાથે સાફસફાઇ પણ કરવામાં આવી હતી.

❋ શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીમાં તા. ૮–૮–૨૦૧૮ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા કોલેજ કેમ્પસની સફાઇ કરવામાં આવી હતી.

❋ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૧૯–૮–૨૦૧૮ના રોજ પંચમુખી શોપિંગ સેન્ટર, વેરાઇ ચકલા, પાટણમાં સાફ સફાઇ કરી હતી.

# ગ્રંથદર્શન



**શીર્ષક** : ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય
**સંપાદક** : અમૃત પટેલ
**સહસંપાદક** : સંગીતા પટેલ
**પ્રકાશક** : હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
**પૃષ્ઠ** : ૨૧૦;
ISBN : 978-93-5268-620-9
**કિંમત** : ₹ ૨૦૦-૦૦

આદરણીય કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ દ્વારા યુનિવર્સિટીમાં અપાતા વ્યાખ્યાનો, પરિસંવાદોના શોધપત્રો, વૃત્તપત્ર 'ઉદીચ્ય', સંશોધન જર્નલ 'આર્નત' વગેરે બાબતોમાં અંગત રસરૂચિ તેમજ તેમની અભ્યાસુવૃત્તિ અને વિદ્યાવ્યાસંગીતાના કારણે સંશોધન-પ્રકાશન પ્રવૃત્તિ ચેતનવંતી બની છે. જે પૈકીનું એક પુસુન એટલે સદર ગ્રંથ.

જેનો આવકાર કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ સાહેબે લખ્યો છે. અને તેના પ્રારંભમાં જ કુલપતિશ્રીના જ્ઞાનનો મહિમા દર્શાવતા વિધાનો દૃષ્ટવ્ય બની રહે છે : 'જ્ઞાનની ઉપાસના સદીઓથી મનુષ્ય જાત કરતી આવી છે. પ્રાચીન સમયે ઋષિઓ-મુનિઓ અને દાર્શનિકોના આશ્રમમાં જે જ્ઞાનનું ઉત્પાદન, વિસ્તરણ અને વિતરણ થતું હતું, તે જ કાર્ય આજે યુનિવર્સિટીઓ કરી રહી છે. આજની ઉચ્ચ શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ લાઇટહાઉસનું કાર્ય કરી સમાજમાં પ્રકાશ ફેલાવી રહી છે.'

યુનિવર્સિટીના એમ.ફીલ. ગુજરાતી વિભાગ દ્વારા તા. ૬, ૭ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ "ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનું સંશોધન, સંપાદન અને અધ્યયન" વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રજુ કરવામાં આવેલા શોધપત્રો અને વક્તાઓના વક્તવ્યોને અત્રે ગ્રંથસ્થ કરવામાં આવેલા છે. કુલ ૨૪ લેખોને ૫ વિભાગો : ૧. તજજ્ઞોના લેખો-૪, ૨. સ્વરૂપલક્ષી અભ્યાસ લેખો-૨, ૩. કૃતિલક્ષી અભ્યાસ લેખો-૧૨, ૪. કર્તાલક્ષી અભ્યાસ લેખો-૭, ૫. પ્રદેશલક્ષી અભ્યાસ લેખો-૫ માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ૭ લેખિકાઓનું પણ યોગદાન રહ્યું છે.

સોલંકીકાલીન સમયમાં ગુજરાત (પાટણ રાજધાની હતી)ની યશઃ પતાકા દેશવિદેશમાં લહેરાતી હતી. આચાર્ય હેમચંદ્રાચાર્ય, કવિભાલણ, કનૈયાલાલ મુનશીથી લઇને સાંપ્રત સમયના મોહનલાલ પટેલ, સ્વ. પદ્મશ્રી ભોળાભાઇ પટેલ, જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરી, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા મણિભાઇ પ્રજાપતિ, પ્રતિભા સંપન્ન કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ વગેરે સારસ્વત પુત્રોની વિદ્યોપાસનાથી સુશોભિત રહી છે. ભવ્ય વિરાસત ધરાવતો પ્રદેશ છે. જેનો પડઘો મૂર્ધન્ય સાહિત્યકારોના સર્જન ઉપરાંત જનસમુદાયમાં પણ જોવા મળે છે. લોકસાહિત્ય, લોક કથાઓ, લોકગીતો, લોકાખ્યાન વગેરેમાં તે ધબકી રહ્યો છે. સદર ગ્રંથમાં આ બાબતોને વાચા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કર્તાલક્ષી અભ્યાસલેખોમાં ડૉ. અમૃત પટેલના વાઙ્મય વૈભવને મૂલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ડૉ. અમૃત પટેલનાં ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના વિવિધ પાસાઓ ઉપર ખૂબ જ ઊંડો અભ્યાસ રહ્યો છે. લોકસાહિત્યની ઉપાસનાની ફલશ્રુતિરૂપ અનેક ગ્રંથોની શિક્ષણજગતને ભેટ આપી છે. વેરવિખેર પડેલા લોકસાહિત્યને કાળના પ્રવાહમાં લુપ્ત થતું અટકાવવાની તેમની ચિંતા-ચિંતન દાદ માંગે તેવી છે. રાષ્ટ્રીય પરિસંવાદનાં વિષયમાં જ આ બાબત ઉડીને આંખે વળગે છે.

**એક પંક્તિનો રસાસ્વાદ કરીએ :**

દા.ત. પૃષ્ઠ ૬૩ ઉપર

"જોઇ વ્હોરીએ જાત, મેલે નહિ મરતાં લાગી;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ."

અર્થાત્ પટોળાની ડિઝાઇન-કલરની ગુણવત્તા એટલી ઉત્તમ હોય છે કે કપડું ફાટી જાય ત્યાં સુધી તેની ભવ્યતા યથાવત જળવાઇ રહે છે.

મુસ્લિમોના આક્રમણો, ગ્રંથભંડારોને સળગાવી દેવા, લઇ જવા વગેરે અધાંધૂધી ભરી પરિસ્થિતિમાં જો આપણાં સાહિત્યને કોઇએ સાચવ્યું હોય તો તે સામાન્ય માનવીએ. ગીતો, લગ્નગીતો, ફટાણા, તેના કથાચરિત્રો, ભવાઇ, રાસ-ગરબા, વ્યાખ્યાનો, રીત-રીવાજો, વહેવારો, સામાજિક-ધાર્મિક પરંપરાઓમાં વણી લેવામાં આવ્યું છે. અને તેને વિધ્વંસકારી પરિબળોથી બચાવી લેવાયું છે. પણ આ બધાનું દસ્તાવેજીકરણ નથી. જો ભાવીપેઢીને આપણે આ વિરાસતથી અવગત કરાવવા માંગતા હોઇએ તો જરૂર છે તેના દસ્તાવેજીકરણની, આ માટે જરૂર પડે જનસમુદાય સુધી પહોંચવાની. સદર વિષયમાં ઉત્તરોત્તર ખેડાણ થતું રહે તેવી અપેક્ષા સહ સંપાદકશ્રીને હાર્દિક અભિનંદન.

**ડૉ. કનકબાળા જાની**
કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન

## સબરસ

પતિ (ગર્વથી) : બાળપણમાં કૃષ્ણ જન્માષ્ટમીમાં શાળામાં હંમેશાં કૃષ્ણનો રોલ મને જ આપવામાં આવતો હતો.

પત્ની : બાકી બધા છોકરા ગોરા હશે ને એટલે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.